# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ Q2 અને H1/FY'23 માટે પરિણામોની જાહેરાત કરી

ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઈડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ Q2 અને H1/FY'23 માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.

પરિણામ પર ટિપ્પણી કરતાં TCIના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે કંપનીએ Q2 અને HY FY23 માં સાતત્યપૂર્ણ પ્રદર્શન દર્શાવ્યું હતું. ઓટોમોબાઈલ અને વપરાશ ક્ષેત્રોમાં વધતી માંગ સાથે મુખ્ય બિઝનેસ ફંડામેન્ટલ્સ પર ફોકસ કરવાથી તમામ બિઝનેસ સેગમેન્ટ્સ સંતોષકારક ડિલિવરી કરવામાં સક્ષમ બન્યા છે. ફુગાવાના દબાણ છતાં પરિણામો ઉત્કૃષ્ટ રહ્યાં હતા. કંપની તેના વ્યાપક મલ્ટીમોડલ નેટવર્ક, કસ્ટમાઈઝ્ડ સર્વિસ ઓફરિંગ, યોગ્ય ટેક્નોલોજી અને ઓટોમેશનમાં રોકાણ દ્વારા ઉચ્ચ વૃદ્ધિના સેગમેન્ટ્સને ટેપ કરવામાં અલગ સ્થાન ધરાવે છે.

વધુમાં અગાઉ જાહેર કરાયેલ પીએમ ગતિ શક્તિ ફ્રેમવર્કની સાથે રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિનો પ્રારંભ સીમલેસ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન અને આધુનિક કનેક્ટિવિટી તરફ આગળ વધવા તથા આપણા દેશના લોજિસ્ટિક્સને કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક બનાવવા માટે ડિજિટલાઈઝેશન અને સ્ટાન્ડર્ડાઈઝેશનમાં વધારો કરવા માટે નિમિત્ત બનશે. TCI વર્ષોથી મજબૂત વૃદ્ધિ માટે આ તમામ થીમ પર મજબૂત રોકાણ કરવાનું ચાલુ રાખે છે.